## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




અલ્યા... ફિલ્મ અને થિયેટર એ તો મનોરંજનની વસ્તુ છે... આ લોકોએ તેને ઝગડા, મારામારીનું માધ્યમ બનાવી દીધું છે...

# વિદેશી દારૂનાં ગોડાઉન પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર જીગાનો ફોલ્ડર ઝડપાયો

### અડાલજ-સાંતેજ આસપાસ ત્રણ મસમોટા ગોડાઉનો દારૂથી ખીચોખીચ ભરેલા ઝડપાયા હતા જે માલ જીગા પટેલનો હોવાનું ખુલ્યું છે : જીગાનો ખાસ માણસ કેતુ ઝબ્બે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના અડાલજ અને સાંતેજ આસપાસ છેલ્લા દોઢ મહિનામાં ત્રણ મસ મોટા ગોડાઉનો વિદેશી દારૂ અને બિયરના જથ્થા ભરેલા પોલિસના હાથે ઝડપાઈ ગયા છે. સવાલ એ છે કે દારૂબંધી જે રાજયમાં છે તેના જ પાટનગર ગાંધીનગરમાં જો આટલો મોટો દારૂ-બિયરનો જથ્થો સલામતપૂર્વક સચવાઈ શકે છે અને આસાનીથી ગુજરાતમાં પ્રવેશીને આ જથ્થો આ ગોડાઉન સુધી પહોંચી શકે છે છતાં બોર્ડરથી ગાંધીનગર સુધીના



રૂટની એકેય પોલિસ તેને પકડી શકતી નથી...!!

જિલ્લાના ખોરજ અને સાંતેજ તથા દંતાલી જીઆઈડીસી વિસ્તારમાં પોલિસે વિદેશી દારૂ બિયરનો જથ્થો ભરેલા ગોડાઉનો પકડયા છે. પોલિસે કરેલી તપાસમાં બહાર આવ્યું છે કે આ તમામ ગોડાઉનો ભાડે રાખવા અલગ અલગ માણસોના ભાડા કરારો કરાવનાર મુખ્ય સુત્રધાર જીજ્ઞેશ ઉર્ફે જીગો મહેશ પટેલ અને કેતુ કનુ પટેલ છે. જીગો તાજેતરમાં ચાંદખેડા પોલિસના હાથે ઝડપાઈ ચુકયો છે જયારે જીગાનો ફોલ્ડર કેતુ પટેલ ગાંધીનગર પોલિસના હાથે ઝડપાઈ ગયો છે. જીગો અને કેતુ બંને ગોડાઉનોમાં મુકેલો દારૂનો જથ્થો સપ્લાય કરતા હતા. નોંધનીય બાબત છે કે સાંતેજ નજીક દંતાલી જીઆઈડીસીના ગોડાઉનમાંથી પકડાયેલો દારૂ પોલિસે જપ્ત કરી તપાસ કરી તો આ ગોડાઉન કેતુ પટેલના નામે ભાડે લેવાયું હતું. તે ઉપરાંત ખોરજ અને સાંતેજ જીઆઈડીસીના ગોડાઉન પ્રકરણમાં પણ બંનેની સંડોવણી હોવાનું બહાર આવ્યું છે.

# ખોરજના દારૂ ભરેલા ગોડાઉન કેસમાં બે મુખ્ય સૂત્રધારો પકડાયા

### બુટલેગર જીગો પટેલ બે દિવસ અને અનિલ પાંચ દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર, તા.૧૦

ચાંદખેડા પોલીસે પેટ્રોલીંગ દરમિયાન બાતમી મેળવી બે દિવસ પહેલા મોંધીદાટ વિદેશી દારૂની બોટલો સાથે એક ફલેટમાંથી ત્રણ શખ્સોને પકડી પાડયા હતા. આ ત્રણ પૈકી બે શખ્સો અમદાવાદ સાયોના સીટીના અનિલ ધીરજ ઉર્ફે ધીરૂ પટેલ અને જીગ્નેશ ઉર્ફે જીગો મહેશ પટેલ હતા. આ બંને શખ્સો ખોરજ ખાતે અઢી કરોડના વિદેશી દારૂનો જથ્થો ભરેલુ ગોડાઉન પકડાયું હતું તે ગુનાના મુખ્ય સુત્રધારો હતા. આ આરોપીને અડાલજ પોલિસ ટ્રાન્સફર વોરંટથી લઈ આવી છે અને બંનેની ધરપકડ કરી મુળ સુધી પહોંચવા બંનેના રીમાન્ડ મેળવ્યા છે. કોર્ટે અનિલના પાંચ દિવસના અને જીગા પટેલના બે દિવસના રીમાન્ડ મંજુર કરતા અડાલજ પોલિસ ઉંડી તપાસ શરુ કરી છે.



## ૩૨ ગોલ્ડમેલ સાથે ગાંધીનગરના ખેલાડીઓનો સ્ટેટ ચેમ્પિયનશીપમાં ડંકો

ગાંધીનગર, તા.૧૦

જૂનાગઢ ખાતે છઠ્ઠી અને સાતમી જાન્યુઆરીના રોજ ૩૭મી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એથ્લેટીકસ ચેમ્પિયનશીપ યોજાઈ હતી. જેમાં ગાંધીનગર જિલ્લા તરફથી ૨૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તે પૈકી ૧૯ ખેલાડીઓએ ૩૨ ગોલ્ડમેડલ, ૧૧૧ સિલ્વર મેડલ અને ૩ બ્રોન્ઝ મેડલ એમ કુલ મળીને ૪૬ મેડલ મેળવ્યા હતા. આ ખેલાડીઓ ૩૯મી નેશનલ માસ્ટર એથ્લેટીક ચેમ્પિયનશીપમાં ભાગ લેવા માટે પસંદ કરવામાં આવ્યા છે. આ નેશનલ ચેમ્પિયનશીપ ૨૧મી ફેબ્રુઆરીથી ૨૫મી ફેબ્રુઆરી દરમિયાન બેંગ્લોર ખાતે યોજાશે.

## ઠંડીના પ્રમાણમાં એકાએક ઘટાડો

ગાંધીનગર, તા.૧૦

હાલમાં ઠંડીના તીવ્ર ચમકારા બાદ તાપમાનમાં એકાએક નોંધપાત્ર વધારો થયો છે અને ઠંડીનું પ્રમાણ એકાએક ઘટી ગયું છે જેથી લોકોને રાહત થઈ છે પરંતુ હજુ પણ લોકો ઠંડીથી બચવા માટે ગરમ વસ્ત્રોમાં નજરે પડી રહ્યા છે. આજે અમદાવાદ સહિત રાજયના મોટાભાગના વિસ્તારોમાં વધ્યો હતો.

# રાજયમાં ભાજપની સરકાર પણ જિલ્લામાં કોંગ્રેસની સરકાર છે : બળદેવજી ઠાકોર

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત કોંગ્રેસના ઉપપ્રમુખ, ઉત્તર ગુજરાતના પ્રભારી અને વિરમગામના નવ નિર્વાચિત ધારાસભ્ય લાખાભાઈ ભરવાડ અને કલોલ શહેર/તાલુકા કોંગ્રેસ સમિતિ અને તાલુકા પંચાયત/નગરપાલિકા કોંગ્રેસ પક્ષના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. જેમાં કલોલ શહેર/તાલુકામાંથી મોટી સંખ્યામાં હતું કે આ સન્માનના ખરા હકદાર તો કોંગ્રેસના કાર્યકરો છે. આ સન્માન તેમનું સન્માન ગણાવી પ્રજાની સેવા કરવાનો સંકલ્પ લેવડાવ્યો હતો.



ગાંધીનગર જીલ્લાના ચૂંટાયેલા ત્રણ ધારાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, સુરેશભાઈ પટેલ અને ડૉ.સી.જે. ચાવડા તેમજ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીને સન્માનવાનો કાર્યક્રમ ૧૦-૧-૨૦૧૮, બુધવારના રોજ ગણેશ પાર્ટી પ્લોટ, કલોલ ખાતે કોંગ્રેસ કાર્યકરો તેમજ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં તમામ મહાનુભાવોનું તલવાર, સાફો, સાલ અને પુષ્પહાર અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે ઉપસ્થિત લાખાભાઈ ભરવાડ (ધારાસભ્ય વિરમગામ) જણાવ્યું

ધારાસભ્ય બળદેવજી ઠાકોરે પણ જણાવ્યું કે ભલે ગુજરાતમાં ભાજપની સરકાર હોય પણ ગાંધીનગર જિલ્લામાં કોંગ્રેસની સરકાર છે તેવું માનીને સૌ કાર્યકરો અને પ્રજાજનોએ કોંગ્રેસના ધારાસભ્યોનો સંપર્ક કરવા આહ્વાન કર્યું હતું. પ્રજાના પ્રશ્નો બાબતે સદાય જાગૃત રહેવાનો સંકલ્પ દોહરાવ્યો હતો. ધારાસભ્ય સુરેશભાઈ પટેલે અગાઉ કલોલના બે વાર ધારાસભ્ય રહ્યા હોવાથી માણસા વિધાનસભાના આગેવાનો ઉપરાંત કલોલ વિધાનસભાના આગેવાનોનો પણ આભાર માની પોતે ધારાસભ્ય તરીકે નક્કર કામગીરી દ્વારા પ્રજાના પ્રશ્નોને વાચા આપશે તેવું જણાવ્યું હતું. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના ૮૦ ઉપરાંત ૩ અન્ય ધારાસભ્યો સહીત ૮૩ ધારાસભ્યો સબળ વિપક્ષની ભૂમિકા ભજવીને સરકાર સામે પ્રજાના પ્રશ્ને લડત આપશે તેવું જણાવ્યું હતું.

અંતમાં અધ્યક્ષસ્થાનેથી બોલતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખે આગામી ફેબ્રુઆરીમાં ગાંધીનગર તાલુકા પંચાયત અને માણસા નગરપાલિકાની યોજાનાર સામાન્ય ચૂંટણીમાં પક્ષના જ્વલંત વિજય માટે કલોલ શહેર/તાલુકાના આગેવાનો પણ સહાયરૂપ ભૂમિકા ભજવે તે માટે આમંત્રણ આપીને સને ૨૦૧૯માં યોજાનાર લોકસભાની ચૂંટણીમાં પણ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના નેતૃત્વમાં યુપીએની સરકાર બને તે દિશામાં સૌ કોંગ્રેસજનો સક્રિય ભૂમિકા અદા કરે તેવો હુંકાર કર્યો હતો. અંતમાં આભાર વિધિ રશ્મીજી ઠાકોરે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલુકા પંચાયતના પ્રમુખ કાંતીજી ઠાકોરે કર્યું હતું.




સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર અને ઈમેજ પબ્લિકેશન, મુંબઈના સંયુક્ત ઉપક્રમે 'મારૂ શહેર' નામના પુસ્તકનું વિમોચન ટાઉનહોલ ખાતે સોમવારે કરાયું હતું. આ પ્રસંગે રતિલાલ બોરીસાગરે આ પુસ્તક પર હળવી શૈલીનું રસપ્રદ પ્રવચન આપ્યું હતું. તથા ખલિલ ધનતેજવીએ રસાળશૈલીમાં પોતાની ગુજરાતી અને ઉર્દૂ ગઝલોનું પઠન કર્યુ હતુ. આ પ્રસંગે સર્વ ઉત્પલ ભાયાણી, કવિ હિતેન આનંદપરા, સંસ્કૃતિના પ્રમુખ રમેશ પટેલ, ભિખેશ ભટ્ટ, ડંકેશ ઓઝા, ભરત કવિ, દોલત ભટ્ટ, કનૈયાલાલ ભટ્ટ સહિતના અગ્રણી સાહિત્યકારો હાજર રહ્યાં હતા. આ પ્રસંગે પુસ્તકના લેખો ઉપર આધારિત નાટ્ય કૃતિઓનું મંચન પણ કરાયું હતું જેને ઉપસ્થિત શ્રોતાઓએ મનભરીને માણ્યુ હતું.

# 'હેલ્થી કેમ્પસ' પ્રોજેકટ થકી વિદ્યાર્થીઓને વ્યસન મુકિત-અંગદાન અંગે જાગૃત કરાયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે 'સર્વ નેતૃત્વ' તથા 'રાષ્ટ્રીય સેવા યોજના'ના સંયુકત ઉપક્રમે 'હેલ્થી કેમ્પસ' પ્રોજેકટ હાથ ધરાયો છે. આ પ્રોજેકટ અંતર્ગત વિદ્યાર્થીઓને તંદુરસ્ત, સ્વસ્થ, તાણમુકત જીવન જીવવા માટે જાગૃત કરવા સાથે યુવાનોને ધુમ્રપાન, તમાકુ-બીડી તથા ડ્રગ્સ વગેરેથી દૂર રહેવા પ્રેરિત કરવાનો અને આ સાથે દેશમાં અંગદાનની આવશ્યકતા અંગે જાગૃત કરવાનો હેતુ છે.

'હેલ્થી કેમ્પસ' પ્રોજેકટ અંતર્ગત કેએસવી સંલગ્ન એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ ખાતે આજે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ



કાર્યક્રમના પ્રારંભે સંકેત પટેલે પ્રોજેકટના હેતુઓ અને ફાયદા અંગે માહિતી પ્રદાન કરી હતી. કાર્યક્રમમાં શતાયુના પ્રોજેકટ કો ઓર્ડીનેટર મૌલિક શાહે અંગદાન વિષયે વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગર્શન આપતા જણાવ્યું હતું કે 'ભારતમાં અંગદાનનું પ્રમાણ ઓછું હોવા ઉપરાંત અંગો નિષ્ફળ જવાના બનાવો વધુ જોવા મળે છે. જેથી યુવા પેઢીએ અંગદાન પ્રત્યે વધુને વધુ જાગ્રત થવાની જરૂર છે, એક વ્યકિત પોતાના અંગોના દાન થકી ઓછામાં ઓછા ૯ વ્યકિતઓના જીવન બચાવી શકે છે.' આ સાથે તેમણે કોમા અને બ્રેઈન ડેડ વચ્ચેનો તફાવત પણ સમજાવ્યો હતો.

ડિમ્પલ ભોજવાણીએ યુવાનોને તંદુરસ્ત અને સ્વસ્થ જીવન જીવવા માર્ગદર્શિત કરવા સાથે કસરત, ઝુમ્બા, થાઈબોકિસંગ વગેરેના ફાયદા અંગે સમજણ આપી હતી. કાર્યક્રમમાં યુવા વકતા રોનક કડીયાએ ધુમ્રપાન, બીડી-તમાકુ, ડ્રગ્સ વગેરેના દુરુપયોગથી દૂર રહેવા યુવાનોને શિક્ષત કરવા સાથે રાષ્ટ્રીય યુવા દિવસના સંદર્ભમાં રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભૂમિકા અંગે પ્રેરક વકતવ્ય આપ્યું હતું. યુવાનો નશીલા પદાર્થોથી દૂર રહે તો ભારત દેશની પ્રગતિનો હિસ્સો બની શકે છે.' પ્રોજેકટમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓને જોડવામાં આવ્યા છે. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. ભાવિન પંડયા સહિત ડૉ. સોનુ ગુપ્તા, રોનક કડીયા, સંકેત પટેલ તથા મનીષ માલવિયાએ જહેમત ઉઠાવી હતી.

## ભીમ શકિત સેનાએ ફરી સિવિલમાં ધરણાં

દલિત વિદ્યાર્થી પરને ત્રાસ આપવાના અને તેને આત્મહત્યાનો પ્રયાસ કરવા માટે દુષ્પ્રેરણ કરવા બદલ આજે ભીમ શકિત સેનાના કાર્યકરો ફરી એકવાર સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યા હતા અને ત્યાં બી.જે.મેડિકલ કોલેજ ડીન સહિતના સત્તાધીશોના વલણના વિરોધમાં ઉગ્ર દેખાવો અને ધરણાં યોજયા હતા. ભીમ શકિત સેનાના કાર્યકરોએ દલિત વિદ્યાર્થીને ન્યાય અપાવવા અને કસૂરવાર ડોકટરો વિરૂધ્ધ પગલાં ભરવા ઉગ્ર માંગણી અને સૂત્રોચ્ચાર કર્યા હતા. એક તબક્કે ભીમ શકિત સેનાના કાર્યકરો અને પોલીસ વચ્ચે સામાન્ય બોલાચાલી અને ઘર્ષણના દ્રશ્યો પણ સર્જાયા હતા.



ગાંધીનગર પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન સમારોહ અને તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ તાજેતરમાં શહેરના ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં સમાજના ધો. ૧ થી ૧૨ સારા માર્કસ મેળવ્યા હોય તેવા તેજસ્વી તારલાઓ તેમજ સરકારી નોકરી મેળવી હોય, બઢતી મેળવી હોય તેવા તમામ નાગરીકોનું સન્માન કરાયું હતું. જ્યારે વિદ્યાર્થીઓને મોમેન્ટો આપીને નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ગાંધીનગરમાં ફાઈન્ડ્રી એક્ઝિબિશનનો પ્રારંભ : ૮ દેશોએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૦

ભારતીય ફાઉન્ડ્રી ક્ષેત્રનું સફળતાથી પ્રતિનિધિત્વ કરતી સર્વોચ્ચ રાષ્ટ્રીય સ્તરીય ઉદ્યોગ સંસ્થા ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયન ફાઉન્ડ્રીમેન (આઈઆઈએફ) દ્વારા ભારતમાં ગાંધીનગરના હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે ૧૦મી જાન્યુઆરીથી ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૮ સુધી ઈન્ડિયન ફાઉન્ડ્રી કોંગ્રેસ (આઈએફસી) સાથોસાથ ફાઉન્ડ્રી એક્ઝિબિશન (આઈફેક્સ ૨૦૧૮) અને કાસ્ટ ઈન્ડિયા એક્સપોની ૬૬મી આવૃત્તિ સફળતાથી રજૂ કરવામાં આવી છે. આ ભવ્ય પ્રદર્શન સ્થાનિક અને વૈશ્વિક ફાઉન્ડ્રીમેન, શિક્ષણશાસ્ત્રીઓ અને એકંદરે ફાઉન્ડ્રી ઉદ્યોગ માટે છે.

આજે આ પ્રદર્શનનું ઉદઘાટન ગુજરાત સરકારના ઉદ્યોગોના આયુક્ત આઈએએસ મમતા વર્માને હસ્તે કરાયું હતું.

આઈફેક્સ પૂર્વવ્યાખ્યા કરેલા ચક્ર પર ભારત (ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ)ના અલગ અલગ વિભાગોમાં મેળાનું આયોજન કરવાની ફરતી નીતિ અમલ કરે છે, જેને લીધે તેના પ્રદર્શનકારીઓને દેશભરના સંભવિત ગ્રાહકો સુધી પહોંચવામાં મદદ મળે છે. આઈઆઈએફના પ્રમુખ અમીષ પંચાલે જણાવ્યું હતું કે અમને



ગાંધીનગરમાં ઈન્ડિયન ફાઉન્ડ્રી કોંગ્રેસ (આઈએફસી) અને આઈફેક્સ ૨૦૧૮ની ૬૬મી આવૃત્તિનું આયોજન કરવામાં બેહદ ખુશી થઈ રહી છે. ઈન્ડિયન ફાઉન્ડ્રી કોંગ્રેસ દેશભરની ફાઉન્ડ્રીઓ માટે વિશ્વભરના ખરીદદારોને તેમની સંભાવનાઓ બતાવવા માટે ઉત્કૃષ્ટ મંચ છે. છેલ્લાં થોડાં વર્ષોમાં ભારતીય ફાઉન્ડ્રી ઉદ્યોગ એકધારી વૃદ્ધિ કરીને વૈશ્વિક સ્તરે કાસ્ટિંગમાં ૫મા ક્રમેથી ૨જા ક્રમનો સૌથી વિશાળ ઉત્પાદક બન્યો છે. હાલમાં ભારત વર્ષમાં આશરે ૧૦ મિલિયન ટન કાસ્ટિંગ્સનું ઉત્પાદન કરે છે પરંતુ તેની સંભાવના ૨૦ મિલિયન ટન સુધી છલાંગ લગાવવાની છે, ઘરઆંગણાની માગણીથી પ્રેરિત છે, કારણ કે રેલવે, સંરક્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્ર દ્વારા ભરપૂર ભાર અપાઈ રહ્યો છે, જેઓ કાસ્ટિંગ્સના સૌથી મોટા ગ્રાહકો છે. આથી ભારત જો અભિમુખ નીતિઓ હોય તો કાસ્ટિંગ્સ માટે વૈશ્વિક બજારમાં નોંધનીય ખલાડી બની શકે છે.

આ ત્રણ દિવસની ઈવેન્ટમાં પ્લેનરી સેશન્સ, પેનલ ચર્ચા, પ્રસ્તુતિકરણ અને વર્કશોપ્સનું સંમિશ્રણ રહેશે. એલ્યુમિનિયમ અને ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટિંગ્સ પર વિશેષ સત્રો પણ રહેશે. ભારત અને વિદેશમાંથી નિપુણતાનાં વિવિધ ક્ષેત્ર અને વિસ્તારોમાંથી સિનિયર ફાઉન્ડ્રીમેન, નિષ્ણાતો, નીતિના ઘડવૈયાઓ, વેપાર આગેવાનો, નાવીન્યકારો અને વેપાર સાહસિકો સહિત નામાંકિત હસ્તીઓ ફાઉન્ડ્રી મેનેજમેન્ટ અને ટેકનોલોજીમાં ઉત્તમ વ્યવહારોમાં તેમના વિચારો, અનુભવો વિશે માહિતીનું આદાનપ્રદાન કરશે. આઈફેક્સ ૨૦૧૮માં ભારત અને દરિયાપારની બજારમાંથી આશરે ૧૨૦૦ મોવડીઓ આવશે. ૮ દેશમાંથી ૨૫૦થી વધુ પ્રદર્શનકારીઓ ફાઉન્ડ્રી ઉદ્યોગમાં પોતાની ટેકનોલોજીઓ પ્રદર્શિત કરશે.

ભારતીય ફાઉન્ડ્રી ક્ષેત્ર ઉત્પાદક ક્ષેત્ર માટે પોષક ઉદ્યોગ છે, કારણ કે તે ઓટો, ઓટો કમ્પોનન્ટ્સ, રેલવે, ઈલેક્ટ્રિક, સિમેન્ટ વગેરે જેવાં ક્ષેત્રોને ટેકો આપે છે જે ભારતની જીડીપીમાં મુખ્ય યોગદાનકર્તા છે. ભારત સરકાર મેક ઈન ઈન્ડિયા, સ્કિલ ડેવલપમેન્ટ અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન આપવા માટે અનેક પગલાં લઈ રહી છે અને મેક ઈન ઈન્ડિયાને ટેકો આપવા માટે ફાઉન્ડ્રી ક્ષેત્ર આગામી ૧૦ વર્ષમાં કમસેકમ ૧૦ ગણી વૃદ્ધિ પામવાની જરૂર છે. હાલમાં ઉદ્યોગ ૧.૫ મિલિયન લોકોને રોજગાર આપે છે અને જો ઉદ્યોગ આગામી ૮-૧૦ વર્ષમાં ઝડપી દરે વૃદ્ધિ પામશે તો વધુ ૧.૫ મિલિયન લોકોને રોજગારી આપવાની સંભાવના ધરાવે છે.

**મહેસૂલ વિભાગ**
**બ્લોક નં. ૧૧, ૫મો માળ, સરદાર ભવન, ગાંધીનગર**
**જાહેરાત ક્રમાંક : ૦૧/૨૦૧૭-૧૮**

**કાયદા અધિકારી (વર્ગ-૧)ની કરાર આધારિત જગ્યાની ભરતી**

બ્લોક નં.૧૧, ૫મો માળ, સરદાર ભવન, ગાંધીનગર જાહેરાત ક્રમાંક : ૦૧/૨૦૧૪-૧૫ મહેસૂલ વિભાગ (ખુદ)ની કાયદા અધિકારીની એક જગ્યા તથા અગ્ર સચિવશ્રી મહેસૂલ વિભાગ (વિવાદ)ની કચેરી અમદાવાદની સંયોજક / કાયદા અધિકારીની બે જગ્યા કરાર આધારિત ધોરણે ભરવા માટે ઈચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમુનામાં અરજી મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | કુલ જગ્યા | વય મર્યાદા | પગાર અને ભથ્થા | લાયકાત અને અનુભવ |
|---|---|---|---|---|
| કાયદા અધિકારી<br>સંયોજક/કાયદા અધિકારી | ૦૧<br>૦૨ | ૩૫ થી ૪૫ વર્ષ | ૪૦,૦૦૦/-<br>માસિક એકત્રિત રકમ | (૧) માન્ય યુનિવર્સિટીની કાયદાના સ્નાતકની પદવી.<br>(૨) વકીલાતની કામગીરીનો લઘુત્તમ ૧૦ વર્ષનો અનુભવ<br>(૩) જમીન મહેસૂલના કાયદાના જાણકાર. |

**અન્ય વિગતો :-**

(૧) જગ્યાની ફરજો તથા વ્યક્તિના અનુભવને ધ્યાને લેતા વય મર્યાદામાં છુટછાટ આપી શકાશે.
(૨) ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષા પરનું પ્રભુત્વ ઈચ્છનીય.
(૩) બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં Enrolment હોવું ફરજીયાત.
(૪) અરજી પત્રકનો નમૂનો તથા કરારની શરતો અને બોલીઓ મહેસૂલ વિભાગની વેબસાઈટ http://revenuedepartment.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.
(૫) અરજી પત્રક સાથે 'ઉપસચિવ' મહેસૂલ વિભાગ, ગાંધીનગરના નામનો રૂ. ૧૦૦/-નો Demand Draft મોકલવાનો રહેશે.
(૬) સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી પ્રમાણપત્રોની નકલ સાથે જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦માં 'નાયબ સચિવશ્રી (મહેકમ), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નામે રજીસ્ટર પોસ્ટથી મોકલી આપવાની રહેશે.

માહિતી/૨૪૨૮/૧૭-૧૮